RNI NO-GUJGUJ/2020/79359

E-mail- prajapankh@gmail.com

# પ્રજાપંખ

PRAJA PANKH (GUJARATI WEEKLY- SURAT)

EDITOR-MITALKUMAR PRAKASHBHAI BHAVSAR

ગુજરાતી સાપ્તાહિક- સુરત

વર્ષ–૦૬ અંક– ૨૭ (સુરત) તા.૦૭/૦૪/૨૦૨૬ મંગળવાર તંત્રી– મિતલકુમાર પ્રકાશભાઈ ભાવસાર, પાના–૦૪ કિંમત ૧/– રૂ. ૯૯૯૮૦ ૬૧૪૭૦

YEAR-06, ISSUE-27 SURAT DATE-07/04/2026 TUESDAY, SURAT. EDITOR-MITALKUMAR PRAKASHBHAI BHAVSAR PAGE- 04, RS- 01/- ONLY. Mo-99980 61470

પ્રજાપંખ– ન્યૂઝ પેપર મેળવવા
www.prajapankh.com
99980 61470
93747 20143
ઉપર ના નંબર પર સંપર્ક કરો

2 કોહલી સહિતના આ દિગ્ગજોની લિસ્ટમાં સામેલ થયો સમીર રિઝવી, પ્લેયર ઓફ ધી મેચની હેટ્રિક પૂર્ણ કરી

2 સુરત જિલ્લામાં રાઈટ ટુ એજ્યુકેશન પ્રવેશનો પ્રારંભ ૩૫૯૭ બેઠકો માટે ૧૭ એપ્રિલ સુધી ફોર્મ ભરી શકાશે

3 માંગરોલ ટીપીઓ શ્રી પિયુષભાઈ ગામીત એ મોસાલી પ્રાથમિક શાળા પરીક્ષા ખંડને મુલાકાત લીધી

3 ઓલપાડ તાલુકાની સરકારી પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૩ થી ૫ ની વાર્ષિક પરીક્ષાનો પ્રારંભ

## પીએમ મોદીની મોટી જાહેરાતઃ ૧૬ એપ્રિલે સંસદનું વિશેષ સત્ર, મહત્ત્વનું બિલ લાવી રહી છે સરકાર

પીએમ મોદીએ આસામના બરપેટામાં આયોજિત એક વિશાળ ચૂંટણી રેલીમાં દેશની મહિલાઓ માટે એક અત્યંત મહત્ત્વની જાહેરાત કરી છે. પીએમ મોદીએ જણાવ્યું કે, કેન્દ્ર સરકાર આગામી ૧૬ એપ્રિલથી સંસદનું એક વિશેષ સત્ર બોલાવવા જઈ રહી છે. આ સત્રમાં 'મહિલા અનામત વિધેયક ને લઈને મોટા ફેરફારો કરવામાં આવશે. તેમણે તમામ રાજકીય પક્ષોને અપીલ કરી હતી કે દેશની નારીશક્તિના અધિકારો સાથે જોડાયેલા આ ઐતિહાસિક કાયદાને કોઈ પણ વિરોધ વગર સર્વસંમતિથી પસાર કરવામાં આવે. પીએમ મોદીએ સ્પષ્ટ કર્યું કે આ બિલથી પૂર્વોત્તર કે દક્ષિણ ભારતના રાજ્યોમાં બેઠકો ઘટશે નહીં, કારણ કે સરકાર મહિલાઓ માટે વધારાની બેઠકો અને કુલ બેઠકોની સંખ્યા વધારવા પર કામ કરી રહી છે.



પીએમ મોદીએ જણાવ્યું કે, દેશની દીકરીઓ અને બહેનોના અધિકારો માટે સરકાર આગામી ૧૬ એપ્રિલથી સંસદનું વિશેષ સત્ર બોલાવી રહી છે. વડાપ્રધાને સ્પષ્ટતા કરી હતી કે આ બિલથી કોઈ પણ રાજ્યને નુકસાન થશે નહીં. ખાસ કરીને દક્ષિણ ભારત અને પૂર્વોત્તરના રાજ્યો, જ્યાં વસ્તી નિયંત્રણ સફળ રહ્યું છે, ત્યાં પ્રતિનિધિત્વ ઘટશે એવી અફવાઓ પર પૂર્ણવિરામ મૂકતા તેમણે કહ્યું કે, અમે મહિલાઓ માટે વધારાની બેઠકોની વ્યવસ્થા કરી રહ્યા છીએ. હાલની બેઠકોની સંખ્યામાં વધારો કરવામાં આવશે જેથી કોઈના હક છીનવાશે નહીં. પીએમ મોદીએ તમામ રાજકીય પક્ષોને આ કાર્યમાં સહકાર આપવા વિનંતી કરી છે. તેમણે અસમના બહેનોને ખાસ અપીલ કરી કે તેઓ તમામ પક્ષોના નેતાઓ પર દબાણ લાવે જેથી આ કાયદો સર્વસંમતિથી પસાર થઈ શકે. તેમણે આરોપ લગાવ્યો કે કેટલાક લોકો આ ઉમદા કાર્ય વિશે ભ્રમ ફેલાવવાનો પ્રયાસ કરી રહ્યા છે, પરંતુ આ બિલ સમગ્ર દેશના હિતમાં છે.

ભારતીય સંસદના ઇતિહાસમાં આ સૌથી મોટો ફેરફાર થવા જઈ રહ્યો છે. વર્ષ ૨૦૨૯ની લોકસભા ચૂંટણી પહેલા જ બેઠકો વધારવા અને 33% બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાનો પ્રસ્તાવ રજૂ કરવાની તૈયારી છે. રિપોર્ટ મુજબ, હાલ લોકસભાની બેઠકો ૫૪૩ છે જે વધારીને ૮૧૬ કરવામાં આવી શકે છે, જેમાંથી ૨૭૩ બેઠકો મહિલાઓ માટે અનામત રહેશે.

સરકાર 'નારી શક્તિ વંદના અધિનિયમ' અને 'સીમાંકન' કાયદામાં ફેરફાર કરવા માટે સંસદમાં બે અલગ-અલગ બિલ લાવવાની યોજના બનાવી રહી છે. આ માટે ભાજપ અને શિવસેના વચ્ચે ચર્ચા થઈ ચૂકી છે, જ્યારે અન્ય પ્રાદેશિક પક્ષો સાથે પણ વાતચીત ચાલી રહી છે. નોંધનીય છે કે, આ જ મોડેલ રાજ્યોની વિધાનસભાઓમાં પણ લાગુ કરવાની સરકારની યોજના છે. મહિલા અનામત બિલ એટલે કે, નારી શક્તિ વંદન અધિનિય ૨૦ સપ્ટેમ્બર-૨૦૨૩માં લોકસભામાં અને ૨૧ સપ્ટેમ્બરે રાજ્યસભામાં પાસ થયું હતું.

## ચૂંટણી પંચ જેવી સંસ્થાએ સ્વતંત્ર રહી કામ કરવું જોઇએ : સુપ્રીમના ન્યાયાધીશ



પટણાઃ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ બી. વી. નાગરત્નાએ શનિવારે એક મોટું નિવેદન આપ્યું હતું, તેમણે કહ્યું હતું કે ચૂંટણી પંચ જેવી સંસ્થાઓએ સ્વતંત્ર રીતે કામ કરવું જોઇએ અને રાજકીય પ્રતિક્રિયાઓની આ સંસ્થા પર કોઇ અસર ના થવી જોઇએ. ચૂંટણી માત્ર સમય સમય પર થનારી ઘટના નથી, આ એક એવુ તંત્ર છે જેના માધ્યમથી રાજકીય સત્તાનું ગઠન થાય છે. સાથે જ તેમણે કહ્યું હતું કે કેન્દ્રએ રાજ્યોને ગૌણ તરીકે નહીં પણ સંકલન તરીકે લેવા જોઇએ.

શનિવારે બિહારના પટણાના ચાણક્ય નેશનલ લો યુનિવર્સિટીમાં અધિકારો અંગે પોતાના વિચારો રજુ કર્યા હતા. તેમણે સંબોધનમાં કહ્યું હતું કે ચૂંટણી પંચ, કેગ અને નાણા પંચની ડિઝાઇન એક સરખી છે, આ સંસ્થાઓએ બહારના કોઇ પણ પ્રકારના પ્રભાવ કે વગથી મૂક્ત, વિશેષીકૃત છે. અને આવી સંસ્થાઓને એવા ક્ષેત્રોની દેખરેખનું કામ સોપવામાં આવ્યું છે કે જ્યાં નિષ્પક્ષતા સુનિશ્ચિત કરવા માટે સામાન્ય રાજનીતિક પ્રતિક્રિયાઓ કદાચ પુરતી ના હોય. આ સંસ્થાઓ સ્વતંત્ર રીતે કાર્ય કરે અને રાજકીય પ્રતિક્રિયાઓથી પ્રભાવીત ના થાય તે અત્યંત જરૂરી છે. વિપક્ષ જ્યારે ચૂંટણી પંચ પર સવાલો ઉઠાવી રહ્યા છે અને એસઆઇઆર મુદ્દે વિવાદ ચાલી રહ્યો છે.

એવી સ્થિતિમાં સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ નાગરત્નાએ કહ્યું હતું કે સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને એક અત્યંત મહત્વપૂર્ણ બંધારણીય સંસ્થા તરીકે માન્યતા આપી છે. જેને ચૂંટણીઓની નિષ્પક્ષતા જાળવી રાખવાની જવાબદારી સોપવામાં આવી છે. જો ચૂંટણી કરાવનારા લોકો એવા લોકો પર નિર્ભર હોય કે જેઓ ચૂંટણી લડી રહ્યા છે તો પછી આ પ્રક્રિયાની નિષ્પક્ષતા સુનિશ્ચિત ના કરી શકાય.

## ટીએમસીના મહાજંગલરાજના ભયની સામે ભાજપના ભરોસાની ચૂંટણી : મોદી

કોલકાતાઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચૂંટણી રાજ્ય પશ્ચિમ બંગાળમાં મમતા બેનરજીની ટીએમસી સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા, મોદીએ કહ્યું હતું કે માલદામાં જજોનો જે રીતે ઘેરાવ કરવામાં આવ્યો તે પરથી સ્પષ્ટ થાય છે કે બંગાળમાં હાલ જંગલરાજ ચાલી રહ્યુછે. બંગાળની આ ચૂંટણી સત્તાધારી પક્ષ ટીએમસીના 'ભય'ની સામે ભાજપના 'ભરોસા'ની છે. મોદીએ કહ્યું હતું કે ટીએમસીના ભયની સામે ભાજપના ભરોસાની જીત થશે. બંગાળના કૂચ બિહારમાં રેલીને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે મમતા બેનરજીની અત્યંત ઘાતકી સરકાર દરરોજ બંગાળની પવિત્ર ધરતી પર લોકશાહી પર લોહીના ડાઘ લગાવી રહી છે. આ સરકાર કોઇ પણ બંધારણીય સંસ્થાની ચિંતા નથી કરી રહી. બેથી ત્રણ દિવસ પહેલા જ આખા દેશે જોયુંકે કેવી રીતે માલદામાં જજોને બંધક બનાવી રખાયા હતા. આ કેવા પ્રકારની સરકાર છે? આ કેવી વ્યવસ્થા છે કે જ્યાં જજો પણ



સુરક્ષિત નથી? એવામાં બંગાળ સરકાર પાસેથી સામાન્ય નાગરિકો સુરક્ષાની અપેક્ષા કેવી રીતે રાખી શકે? જે પણ લોકો જવાબદાર છે તેમનો હિસાબ થશે. મોદીએ કહ્યું હતું કે ચૂન ચૂન કે હિસાબ હોગા.

## LPG સંકટનો તોડ શોધ્યો સરકારે, ૫ KG વાળા સિલિન્ડરનો સપ્લાય વધાર્યો, ID બતાવો અને લઈ જાઓ

અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધનું પાંચમું અઠવાડિયું ચાલી રહ્યું છે અને હાલમાં આ યુદ્ધનો અંત આવે એવા કોઈ સંકેત નથી દેખાઈ રહ્યા. રવિવારે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને એક નવી ધમકી આપીને તણાવ વધારી દીધો છે. આ સાથે જ હોર્મુઝ સ્ટ્રેટ પર રાહતની આશા પણ ઓછી થઈ ગઈ છે, જેના કારણે વિશ્વભરમાં તેલ અને ગેસ સંકટ વધુ ઘેરું બન્યું છે. ભારતમાં પણ કડની અછત જોવા મળી, પરંતુ નરેન્દ્ર મોદી સરકારે LPG ઉત્પાદન વધારવા અને આયાતમાં ડાયવર્સિફિકેશન સહીત અન્ય ઉપાયો દ્વારા પરિસ્થિતિને વધુ ખરાબ ન થવા દીધી.

જોકે, આ વચ્ચે LPG ગેસ એજન્સીઓની બહાર લાંબી લાઈનો ચોક્કસ જોવા મળી, પરંતુ સરકાર દ્વારા સ્પષ્ટ કરી દેવામાં આવ્યું છે કે, ભારત પાસે પૂરતો સ્ટોક છે અને પેનિક બાયિંગ ની જરૂર નથી. હવે LPG સંકટનો તોડ શોધી કાઢતા સરકારે ડિમાન્ડ પૂરી કરવા માટે ૫ KG વાળા સિલિન્ડરનો સપ્લાય વધાર્યો છે.

આ ૫ કિલોગ્રામ વાળા નાના LPG સિલિન્ડરો LPG ડીલર્સના કાઉન્ટર પર જ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે અને તેના વેચાણમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. પેટ્રોલિયમ મંત્રાલયે જાણકારી આપતા જણાવ્યું કે, ૨૩ માર્ચથી અત્યાર સુધીમાં દેશમાં લગભગ




૬.૬ લાખ સિલિન્ડર વેચાઈ ચૂક્યા છે.

એક અહેવાલ પ્રમાણે સબસિડીવાળા ઘરેલુ ૧૪.૨ કિલોગ્રામના સિલિન્ડરોથી વિપરીત આ ૫ KG વાળા LPG બાટલાને FTL Cylinder કહેવામાં આવે છે. તે માર્કેટ ભાવે ઉપલબ્ધ છે અને નજીકના કોઈપણ ગેસ ડીલર પાસેથી ખરીદી શકાય છે. સૌથી

## ટેકનોલોજીએ સર્જ્યો ચમત્કાર ! ૧૩ વર્ષની માસૂમ બાળકી ૪૫ વર્ષની મહિલા બનીને પાછી ફરી





સમય જાય તે તેમ તેમ ઘણી યાદો ધૂંધળી થઈ જતી હોય છે, પરંતુ એરિઝોનાના એક પરિવાર માટે છેલ્લા ૩૨ વર્ષ જાણે એક પળમાં થંભી ગયા હતા. વર્ષ ૧૯૯૪ની એ બપોર, જ્યારે ૧૩ વર્ષની એક માસૂમ દીકરી ઘરની બહાર નીકળી હતી, તે છેક ૨૦૨૬માં એટલે કે ૧૧,૬૮૦ દિવસો પછી જીવિત મળી આવી છે. આ વાર્તા છે ક્રિસ્ટિના મેરી પ્લાન્ટની, જે ૧૩ વર્ષની વયે ગુમ થઈ હતી અને હવે ૪૫ વર્ષની વયે પરત ફરી છે.

૧૯૯૪ના મે મહિનાના એ દિવસે ૧૩ વર્ષની નીલી આંખો અને સોનેરી વાળ ધરાવતી ક્રિસ્ટિનાએ તેની માતાને કહ્યું હતું કે તે ઘરની નજીકના અસ્તબલમાં તેના મનપસંદ ઘોડાને જોવા જઈ રહી છે. સફેદ ટી-શર્ટ અને શોર્ટ્સ પહેરીને ગયેલી ક્રિસ્ટિના ગણતરીની મિનિટોમાં પાછી આવવાની હતી, પરંતુ તે મિનિટોને પાછા ફરતા ૩૨ વર્ષ લાગી ગયા.

ક્રિસ્ટિના પરત ન આવતા આખા શહેરમાં હડકંપ મચી ગયો હતો. તેની માસૂમિયત ધરાવતા 'મિસિંગ' પોસ્ટરો ઠેર-ઠેર લાગ્યા, નેશનલ ડેટાબેઝમાં નામ નોંધાયું, પરંતુ કોઈ સુરાગ મળ્યો નહીં. પોલીસે તેને શંકાસ્પદ અપહરણનો કેસ ગણાવ્યો હતો, છતાં ફાઈલો ધૂળ ખાતી રહી અને તપાસ અધિકારીઓ બદલાતા રહ્યા.

જિલ્લા કાઉન્ટી શેરિફ ઓફિસે આ કેસ ક્યારેય બંધ કર્યો ન હતો. બુધવારે એક જાહેરાત કરતા અધિકારીઓએ જણાવ્યું કે, એડવાન્સ ટેકનોલોજી અને અચાનક મળેલા એક નવા સુરાગને કારણે ક્રિસ્ટિના મેરી પ્લાન્ટની ઓળખ થઈ ગઈ છે અને તે જીવિત છે. જોકે, આ ૩૨ વર્ષ સુધી તે ક્યાં હતી, કઈ હાલતમાં હતી અને તેને કોણે રોકી રાખી હતી, તેવા સવાલોના જવાબ હજુ સુરક્ષા અને પ્રાઈવસીના કારણોસર જાહેર કરવામાં આવ્યા નથી.

## મિડલ ઈસ્ટમાં યુદ્ધ વચ્ચે ભારતના ૮ જહાજો હોર્મુઝમાંથી પસાર થયા, ૧૭ હજુ લાઈનમાં



મધ્ય-પૂર્વમાં અમેરિકા, ઈઝરાયલ અને ઈરાનના યુદ્ધ વચ્ચે ઈરાને હોર્મુઝની ખાડીની નાકાબંધી કરી હોવા છતાં ભારતના કુલ આઠ જહાજે ક્રૂડ અને એલપીજી સાથે હોર્મુઝની ખાડી પાર કરી દીધી છે. જોકે, ભારતના હજુ ૧૭ જહાજો અને ટેન્કર આ યુદ્ધગ્રસ્ત વિસ્તારને પાર કરી ભારત પહોંચવા લાઈનમાં ઊભા છે. બીજીબાજુ ઘરઆંગણે સરકારે જણાવ્યું કે, ભારતમાં ક્રૂડ અને એલપીજીનો પર્યાપ્ત પુરવઠો છે. લોકોએ ચિંતા કરવાની કોઈ જરૂર નથી. આ સાથે સરકારે એલપીજીના સંકટ વચ્ચે હવે ઘરે ઘરે રસોડામાં ઈન્ડક્શનના સાધનો પહોંચે અને એલપીજીના બદલે પીએનજી તથા ઈન્ડક્શન સાધનોનો વપરાશ વધે તેની યોજના ઘડવા ઉચ્ચ સ્તરીય આંતર મંત્રાલયની બેઠક યોજી હતી.

ઈરાનની આ નાકાબંધી વચ્ચે પણ ક્રૂડ ઓઈલ અને એલપીજી સાથે ભારતના કુલ આઠ જહાજ હોર્મુઝની ખાડીમાંથી પસાર થઈ ગયા છે અને હજુ ૧૭ જહાજો પસાર થવા માટે લાઈનમાં ઊભા છે. જહાજ ટ્રેકિંગ ડેટા મુજબ ભારતીય ધ્વજવાળા જહાજ ગ્રીન સાન્વીએ ૪૪૦૦૦ મેટ્રિક ટન એલપીજી સાથે શુક્રવારે સાંજે ઈરાનના સમુદ્રી વિસ્તારમાંથી કોરિડોર મારફત હોર્મુઝની ખાડી પાર કરી હતી. આ જહાજ હવે મુંબઈ પોર્ટ તરફ આગળ વધી રહ્યું છે. હવે ગ્રીન આશા અને જગ વિક્રમ સહિત ૧૭ ભારતીય જહાજ હોર્મુઝની ખાડી પાર કરવા માટે ઈરાનની મંજૂરીની રાહ જોઈ રહ્યા છે. ઈરાને યુદ્ધ શરૂ થવાના સમયથી સ્પષ્ટ કર્યુંછે કે અમેરિકા અને તેના સાથી દેશોના જહાજોને હોર્મુઝની ખાડીમાંથી પસાર નહીં થવા દઈએ, પરંતુ ભારત સહિત ઈરાનના મિત્ર દેશો માટે હોર્મુઝની ખાડી ખુલ્લી છે.

મુંબઈ ખાતેના ઈરાનના વાણિજ્ય દૂતાવાસે શનિવારે કહ્યું કે, હોર્મુઝની ખાડી પર નાકાબંધી હોવા છતાં ભારત અને વિશેષરૂપે ગુજરાતનું અમારા સંયુક્ત ઈતિહાસમાં વિશેષ સ્થાન છે, કારણ કે સદીઓ પહેલાં તેમણે અમારી ધરતી પરથી આવેલા લોકોનું આદર-સત્કાર સાથે સ્વાગત કર્યું હતું..

## દિલ્હી વિધાનસભાની સુરક્ષામાં મોટી ચૂકઃ ગેટ તોડી અંદર ઘૂસી કાર, સ્પીકરની ગાડી પર શાહી ફેંકી, આરોપીની અટકાયત

દલ્હી વિધાનસભામાં સુરક્ષાની ગંભીર બેદરકારી સામે આવી છે. આજ (૬ એપ્રિલ) રોજ એક અજ્ઞાત કાર વિધાનસભાનો ગેટ તોડીને અંદર ઘૂસી ગઈ હતી, જેના કારણે સમગ્ર પરિસરમાં ઉથલપાથલ મચી ગઈ છે. ઉત્તરપ્રદેશ રજિસ્ટ્રેશન નંબર ધરાવતી સફેદ રંગની ટાટા સિયેરા કાર બપોરે ૨:૦૫ વાગ્યે મોલ રોડ પર આવેલા અને સામાન્ય રીતે બંધ રહેતા ગેટ નંબર ૨ને તોડીને વીઆઇપી એન્ટ્રીથી અંદર પ્રવેશી હતી. મળતી માહિતી અનુસાર, દિલ્હી પોલીસે કાર જપ્ત કરી છે અને ડ્રાઇવરની



અટકાયત કરવામાં આવી છે.

પ્રાથમિક માહિતી અનુસાર, આ ઘટનામાં સુરક્ષામાં મોટી ખામી જોવા મળી છે. કાર સવાર શખ્સોએ વિધાનસભાના અધ્યક્ષ વિજેન્દ્ર ગુપ્તાની ગાડી પર શાહી ફેંકી હતી. એટલું જ નહીં, કાર ચાલકે વિધાનસભા અધ્યક્ષની ઓફિસ પાસે બરામદામાં ફૂલોનો એક ગુલદસ્તો પણ મૂક્યો હોવાની માહિતી મળી રહી છે.

આ હરકત કર્યા બાદ આરોપીઓ તે જ કારમાં પૂરપાટ ઝડપે ગેટની બહાર નીકળીને ફરાર થઈ ગયા હતા.

आज प्रजा पंख मे.....

## झुल्फ़े



झुल्फ़ो का निखारना, बिखरना
हवा के साथ लहराना,
मुखड़े पे मंडराना
न सुलझ पाये ऐसे उलझाना !

फिर उसे सवारना
गालो पर से धीरे से हटाना,
इधर उधर देखना और इतराना
मुस्कुराते हुए खूबसूरती जगाना !

समा बनाती झुल्फ़े
जवानी को सजाती झुल्फ़े,
क़ातिल अंदाज़ हे झुल्फ़े
चाँद को भी शरमाती झुल्फ़े !

झुल्फ़े चेहरे का अधभूत श्रृंगार
चंचल अदा, महेकता अंदाज़,
कह रही जैसे दुनिया को
लहराती झुल्फ़े है मेरा विश्वास !

चंचल झुल्फ़ो की शरारत देखो
घटा बन आँखो पे छा जाये,
कनखियों से देखे जमाने को
मजनुओ के दिलो पे छा जाये !!

**-अश्विन, अटपटा**

## સુરત જિલ્લામાં રાઈટ ટુ એજયુકેશન પ્રવેશનો પ્રારંભ ૩૫૯૭ બેઠકો માટે ૧૭ એપ્રિલ સુધી ફોર્મ ભરી શકાશે




બારડોલી- ગરીબ અને મધ્યમ વર્ગના બાળકોને ખાનગી શાળાઓમાં મફત શિક્ષણ આપતા રાઈટ ટુ એજયુકેશન એક્ટ હેઠળ શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે પ્રવેશ પ્રક્રિયાનો ધમધમાટ શરૂ થયો છે. સુરત જિલ્લાની ૩૫૯૭ બેઠકો પર ધોરણ-૧માં પ્રવેશ માટે ઓનલાઈન રજિસ્ટ્રેશનની કાર્યવાહી આગામી ૧૭ એપ્રિલ સુધી ચાલશે. જોકે, આશ્ચર્યજનક રીતે ગત વર્ષની સરખામણીએ આ વર્ષે સુરતમાં બેઠકોની સંખ્યામાં ઘટાડો નોંધાયો છે.

## રાશીફળ

**મેષ** -યોગ્ય દિશામાં પ્રયત્ન કરવાથી અટકેલા નાણાં પાછા મળશે. અધિકારી તમારા કાર્યથી પ્રસન્ન થશે. મકાન સંબંધી સમસ્યાનું સમાધાન થશે. મનોરંજનમાં સમય પસાર થશે. કોઈ પણ કાર્ય માટે સ્વવિવેકથી, સમજી-વિચારીને નિર્ણય લેવો ઉત્તમ રહેશે. અધિકારી વર્ગનો સહયોગ મળશે.

**વૃષભ** -પુરુષાર્થનું પરિણામ તરત મળશે. સમયનો સદ્દુપયોગ આકાંક્ષાઓની પૂર્તિ કરાવશે. પિતાથી વ્યાવસાયિક મુદ્દે ચર્ચા થઈ શકે છે. કુટુંબ-વેપારમાં મતભેદ, ભાગીદારી પર ગહન શોધનો યોગ. જીવનસાથી અને ભાગીદારીથી શુભ કાર્યોનો યોગ.

**મિથુન**-પ્રતિષ્ઠિત વ્યકતિઓથી મેળમેળાપ વધશે. ઉદર વિકારને કારણે ખાવાપીવા પર સંયમ રાખવું. ઉપહાર મળશે. કાર્યોને સમય પર કરવાનો પ્રયત્ન કરવો. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા-સંબંધીઓથી મુલાકાત થશે. દામ્પત્ય સુખમાં કમી આવશે. નવા સંબંધ બની શકશે.

**કર્ક** -મિલકત સંબંધી કાર્યોમાં સક્રિયતા વધશે. વ્યાપારિક ભાગીદારીઓમાં વિશેષ વૃદ્ધિનો યોગ. ધાર્મિક સમસ્યાઓ પર વિચાર-વિમર્શનો યોગ. મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ છે. કુટુંબમાં સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે. વિરોધી હેરાન કરી શકે છે.

**સિંહ**-વિવાદ, કોર્ટ-કચેરીના મુદ્દે સાવચેત રહેવું, ખાનપાનનું ધ્યાન રાખવું. મિત્ર, સંતાન પક્ષ સંબંધી સમસ્યાઓને લગતી યાત્રા અને ખર્ચનો યોગ. વિવાદ કે મુકદમાનો નિવેડો થશે. વિદ્યાર્થી પોતાની મહેનતથી આગળ વધશે.

**કન્યા**-જ્ઞાન-શિક્ષા, સંશોધન વગેરે પર વિશેષ વ્યયનો યોગ. કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ, સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ. કોર્ટ-કચેરીના મુદ્દે સાવચેત રહેવું, ખાનપાનનું ધ્યાન રાખવું.

**તુલા**-નવા સંબંધ બનશે. સત્સંગ થશે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવશે. વ્યાપાર-વ્યવસાય મધ્યમ રહેશે. યાત્રા થઈ શકે છે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા-સંબંધીઓથી મુલાકાત થશે.

**વૃશ્ચિક** -યાત્રા થઈ શકે છે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા-સંબંધીઓથી મુલાકાત થશે. દામ્પત્ય સુખમાં કમી આવશે. નવા સંબંધ બની શકશે. કુટુંબ-વ્યાપાર સંબંધી કાર્યોમાં ભાગ્યવર્ધક યાત્રાઓનો યોગ.


**ધન**-સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકશે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો યોગ છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેનો યોગ છે. શુભ મંગળ કાર્યોનો યોગ. સંતાન પક્ષ, મનોરંજન સંબંધી કાર્ય થશે. ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ.

**મકર** -નવા સંબંધ બનશે. સત્સંગ થશે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવશે. વ્યાપાર-વ્યવસાય મધ્યમ રહેશે. કર્મક્ષેત્રમાં ગૂઢ શોધ વગેરેનો યોગ. આર્થિક ચિંતનનો વિશેષ યોગ.

**કુંભ**-મનોરંજન, આમોદ-પ્રમોદ સંબંધી વિશેષ યોગ. મિત્રોથી વિશેષ લાભ પ્રાપ્તિનો યોગ. પદ, મકાન, વાહન સંબંધી લાભ પ્રાપ્તિનો વિશેષ યોગ. સ્વાધ્યાયમાં રુચિ વધશે. સામાજિક, માંગલિક સમારોહમાં ભાગ લેવાના યોગ બનશે.

**મીન**-તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદરમાન અપાવશે. સામાજિક માન-સન્માન વધશે. વ્યવસાયિક લાભ અને સુખ-સમૃદ્ધિ વધશે. સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકશે.

## કોહલી સહિતના આ દિગ્ગજોની લિસ્ટમાં સામેલ થયો સમીર રિઝવી, પ્લેયર ઓફ ધી મેચની હેટ્રિક પૂર્ણ કરી




દિલ્હી કેપિટલ્સના સમીર રિઝવીએ IPL૨૦૨૬ માં શાનદાર શરૂઆત કરી છે. DCએ આ સીઝનમાં અત્યાર સુધીમાં બે મેચ રમી છે અને બંનેમાં જીત હાંસલ કરી છે. દિલ્હીની આ ધાકડ પરફોર્મન્સ પાછળનું રહસ્ય જ સમીર રિઝવી છે. દિલ્હી માટે નંબર ૪ પર પોતાની પહેલી મેચ રમતા રિઝવીએ લખનઉ સુપર જાયન્ટ્સ સામે ૪૭ બોલમાં અણનમ ૭૦ રન બનાવ્યા હતા, જેમાં ૫ ચોગ્ગા અને ૬ છગ્ગા સામેલ છે. આ જ લયને જાળવી રાખતા તેણે મુંબઈ ઈન્ડિયન્સ સામે ૫૧ બોલમાં ૯૦ રન બનાવ્યા, જેમાં ૭ ચોગ્ગા અને એટલા જ છગ્ગા સામેલ છે. રિઝવીને આ બંને ઈનિંગ્સ માટે પ્લેયર ઓફ ધી મેચનો એવોર્ડ આપવામાં આવ્યો.

શું તમે જાણો છો કે સમીર રિઝવી IPL ૨૦૨૫ ની છેલ્લી મેચ દિલ્હી કેપિટલ્સ સામે રમ્યો હતો, તેમાં પણ તે જ પ્લેયર ઓફ ધી મેચ રહ્યો હતો. DC એ IPL ૨૦૨૫ ની છેલ્લી મેચ પંજાબ કિંગ્સ સામે રમી હતી, તે મેચમાં રિઝવીએ ૨૫ બોલમાં ૫૮ રનની અણનમ ઈનિંગ રમી હતી.

આ સાથે જ સમીર રિઝવીએ સતત ત્રણ વખત પ્લેયર ઓફ ધી મેચ એવોર્ડ્સની હેટ્રિક પૂર્ણ કરી લીધી છે. તે IPL ઈતિહાસમાં સતત ત્રણ વખત POTM એવોર્ડ જીતનાર ૮મો ખેલાડી બની ગયો છે. છેલ્લે ૨૦૨૦ માં ચેન્નાઈ સુપર કિંગ્સના ઋતુરાજ ગાયકવાડે આ સિદ્ધિ હાંસલ કરી હતી. રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ તરફથી રમતા દક્ષિણ આફ્રિકાના દિગ્ગજ ઓલરાઉન્ડર જેક્સ કાલિસ IPL માં સતત ત્રણ વખત પ્લેયર ઓફ ધી મેચ એવોર્ડ જીતનાર પ્રથમ ખેલાડી હતો, તેણે ૨૦૧૦ માં આ સિદ્ધિ હાંસલ કરી હતી. બીજી તરફ વિરાટ કોહલી IPL ૨૦૧૬ માં આ લિસ્ટમાં પોતાનું સ્થાન બનાવવામાં સફળ થયો હતો.

## બહિયલ બાદ વાસણા સોગઠી અને પાલુન્દ્રામાંથી પાંચ પશુની ઉઠાંતરી




ગાંધીનગર : ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં પશુ ચોર ટોળકીયે તરખાટ મચાવ્યો છે. બહિયલ ગામ બાદ વાસણા સોગઠી અને પાલુન્દ્રા ગામની સીમમાંથી ૫ ભેંસોની ચોરી થવાની ઘટના સામે આવી છે. પશુ ચોરીની વધતી ઘટનાઓને પગલે પશુપાલકોમાં ફફડાટ ફેલાયો છે. આ મામલે દહેગામ પોલીસ મથકે અજાણ્યા તસ્કરો વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે.

ગાંધીનગર જિલ્લાના દહેગામ પંથકમાં છેલ્લા થોડા દિવસોથી પશુ ચોર ટોળકીનો તરખાટ વધી રહ્યો છે. જેના કારણે તાલુકાના પશુપાલકોમાં ફફડાટ ફેલાયો છે. બહિયલ ગામમાં એક જ રાતમાં ચાર ભેંસની ચોરીની ઘટના બહાર આવ્યા બાદ હવે વાસણા સોગઠી અને પાલુન્દ્રા ગામમાંથી પણ પાંચ ભેંસોની ચોરીની ઘટના બહાર આવી છે. જે અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી વિગત પ્રમાણે વાસણા સોગઠી ગામે રહેતા દશરથભાઈ હીરાભાઈ સોલંકી દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી હતી કે, ગત બુધવારના રોજ તેઓ રાત્રે પશુઓને ઘાસચારો નાખીને સુઈ ગયા હતા. વહેલી સવારે ૫ વાગ્યે તપાસ કરતા તેમના ઘર આગળ બાંધેલી ૬ ભેંસો પૈકી એક આશરે ચાર વર્ષની ગાભણ ભેંસ ગાયબ જણાઈ હતી. પોતાના પશુની શોધખોળ દરમિયાન તેઓને પાલુન્દ્રા ગામના બદસિંહ જુગતસિંહ ચૌહાણ મળ્યા હતા. બદસિંહે જણાવ્યું હતું કે, તે જ રાત્રિના ૨થી ૫ વાગ્યાના અરસામાં પાલુન્દ્રા-ચીસકારી રોડ પર આવેલા તેમના ખેતરમાંથી પણ તસ્કરો એક ભેંસ અને ત્રણ પાડીઓની ચોરી કરી ગયા છે.

## સાઇ પલ્લવી અને વિજય સેતુપતિની જોડી આગામી ફિલ્મમાં જોવા મળશે



મુંબઇ : મણિરત્નમના દિગ્દર્શનની આગામી ફિલ્મમાં સાઇ પલ્લવી અને વિજય સેતુપતિની જોડી જોવા મળશે.આ ફિલ્મનુંશૂટિંગ જલદી શરૂ થાય તેવી અટકળ છે. આ ફિલ્મને લઇને અન્ય કોઇ માહિતી જાહેર કરવામાં આવી નથી.

રિપોર્ટસની માનીએ તો ફિલ્મસર્જકે એક નાનો પ્રમોશનલ વીડિયો શૂટ કર્યો હતો. ફિલ્મની શૂટિંગના શરૂઆત પહેલા આ પ્રોજેક્ટને ઇન્ટ્રોડયુસ કરવામાં આવશે. ફિલ્મની મુખ્ય ફોટોગ્રાફી જૂન મહિનાની શરૂઆતમાં કરવામાં આવે તેવી શક્યતા છે. આ ફિલ્મનું શૂટિંગ ફક્ત ૪૦ દિવસના શેડયૂલમાં જ કરવાની યોજના છે.

પ્રોડક્શન ટીમે આ ફિલ્મની એક પણ માહિતીની સત્તાવાર ઘોષણા કરી નથી. જોકે પ્રી-પ્રોડક્શન કામ ઝડપથી ચાલી રહ્યું છે.

## તંત્રી લેખ........

## તમારો સર્વશ્રેષ્ઠ શિક્ષક છે તમારું દુઃખ!

માણસે જેને પાળી, પોષીને ઉછેર્યા હોય એવાં વ્યસનો અને આદતો એ એના જીવનનાં દુઃખનું મૂળ કારણ પણ બને છે. આપણે પોતે સર્જેલી કામનાઓએ કેટકેટલાં દુઃખો ઊભાં કર્યા છે

વિ રાટ ગંગા નદીના મૂળને શોધવા નીકળીએ અને ધીરે ધીરે ગંગોત્રી સુધી પહોચી જઈએ. કોઈ ગુફાના દ્વારમાં પ્રવેશ કરીને એ ગુફાના અંતે આવેલા દેવાલય સુધી પહોચી જઈએ. દુનિયા આખી જીવનને દુઃખનો સાગર માને છે પણ આપણે એ ચોતરફ ઘૂઘવતા સાગરના મૂળને શોધવા નીકળ્યા છીએ અને જેમ જેમ આપણો દુઃખના મૂળ કારણની શોધનો સંશોધનપ્રવાસ આગળ ચાલે છે, તેમ તેમ કેટલાંય નવાં રહસ્યો ખૂલે છે.

ક્યારેક આપણે પોતે સર્જેલા ભય કે કામનાથી દુઃખી થતા હોઈએ છીએ, તો ક્યારેક સચ્ચાઈનો સામનો કરવાને બદલે આજના સૂરજને આવતીકાલના વાદળને ઢાંકી દેવાની કોશિશ કરીને દુઃખી થતા હોઈએ છીએ. માણસે જેને પાળી, પોષીને ઉછેર્યા હોય એવાં વ્યસનો અને આદતો એ એના જીવનનાં દુઃખનું મૂળ કારણ પણ બને છે. આપણે પોતે સર્જેલી કામનાઓએ કેટકેટલાં દુઃખો ઊભાં કર્યા છે. આપણી ઇચ્છા, ઉત્કંઠા, એષણા, લાલસા એ સઘળી બાબતો અંતે આપણા દુઃખનું કારણ બની છે અને આ કામનાની સાથે જરા આપણા સ્થૂળ ભૌતિક જીવનની વાત પણ કરી લઉં.


કેટલીક વ્યક્તિઓનું આખુંય જીવન માત્ર સાંસારિક કલહ, દ્વેષ, કંકાસ અને હોસાતોસીના વર્તુળમાં જ ફેરફૂદરડી ફરતું હોય છે. કેટલાકની ઇચ્છા હોય છે કે આણે મને કડવા વેણ કહ્યાં, મારું અપમાન કર્યું, મારી નિંદા કે ટીકા કરી, બસ, હવે કોઈ પણ સંજોગોમાં જિંદગીમાં એટલી જ ઇચ્છા રાખું છે કે હું એને બરાબર પાઠ ભણાવું ! એનો બદલો લઉં !

તો બીજી બાજુ માનવીનો પરિગ્રહ એની કામનાઓને સતત ઉત્તેજતો રહે છે. ભગવાન મહાવીરે તો પરિગ્રહના મૂળ એવા લોભને જ સર્વ દુઃખોનું કારણ કહ્યો છે. એનું કારણ શું ? કારણ એટલું જ કે જે પ્રાપ્ત કર્યું છે, તેનો અસંતોષ હોય છે અને જે પામવું છે, એની પાછળ દોડ હોય છે અને ત્યારે માનવીની કામના એને સતત દોડાવ્યે રાખે છે. એ જ રીતે આજના માનવજીવનમાં તમે સ્વીકારો કે ન સ્વીકારો, પણ લોકોનાં દુઃખનું એક મોટું કારણ એ એના વહેમ અને રૂઢિચુસ્તતા છે.

જરા વિચાર કરો કે આ વહેમોએ કેટકેટલા માનવીઓનાં જીવન ભરખી લીધા છે. વિખ્યાત લેખિકા ધીરુબહેન પટેલની 'જાવલ' નવલિકા વાંચો અને તમને એક નારીને ચુડેલ ગણીને એની થતી અવદશાનો ચિતાર મળશે. હજી આજે પણ આપણા સમાજમાં વહેમોનું પ્રબળ સામ્રાજય પ્રવર્તે છે. જો એનું સામ્રાજય ન હોત તો પોતાનું ભવિષ્ય પણ જોઈ ન શકનાર બીજાના ભવિષ્યનું કથન કરતા ન હોત ! હજી આજે પણ મંત્ર, તંત્ર, દોરા- ધાગા, ભૂવા સમાજમાં પ્રચલિત છે. ભૂત અને ડાકણનાં વહેમોએ હજી ઘણાં સમાજો પર પકડ જમાવી છે.

ઈ. સ. ૧૮૫૦માં કવિ દલપતરામે લખેલાં 'ભૂત' નિબંધનું મને સ્મરણ થાય છે. ૨૮ વર્ષની ઉંમરે એમણે સમગ્ર ગુજરાતમાં ઠેર ઠેર ભ્રમણ કરીને પ્રવર્તતા વહેમો અને રૂઢિઓનો અભ્યાસ કર્યો. માત્ર અભ્યાસ જ નહીં, બલ્કે એની ચકાસણી કરી, એની પરીક્ષા કરી. એમણે સ્વયં 'મંત્રશાસ્ત્ર', 'મંત્રમહોદધિ', 'શારદા તિલક' જેવાં ગ્રંથોનો અભ્યાસ કર્યો હતો. એમણે જોયું કે મંત્રથી દીકરો કે દીકરી ઉત્પન્ન થાય કે મિલકત મળી આવે એવી વાતો પ્રચલિત હતી. એમણે પોતે આવા મંત્રોનો પ્રયોગ કરીને એની પોકળતા જાહેર કરી અને કહ્યું કે આવી મંત્રોની વાતોમાં માણસે ફસાવવું જોઈએ નહીં.

## તૈયાર ખીરુંના ઢોસા ખાધા બાદ બે બાળકીઓના મોત થયાનો દાવો, માતા-પિતાની હાલત ગંભીર



અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં ખાદ્ય પદાર્થોની ગુણવત્તા સામે ગંભીર સવાલો ઊભા કરતી ચોંકાવનારી ઘટના સામે આવી છે. બજારમાંથી લાવેલા ઢોસાના ખીરામાંથી બનાવેલી વાનગી ખાધા બાદ ફૂડ પોઈઝનિંગ થતા એક જ પરિવારની બે માસૂમ દીકરીઓના મોત નિપજયાના દાવો કરવામાં આવ્યો છે. જયારે બાળકીઓના માતા-પિતાની હાલત પણ ગંભીર છે અને તેઓ હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

મળતી માહિતી અનુસાર, ચાંદખેડાની મારુતિ પ્લાઝા રેસિડેન્સીમાં રહેતા ગૌરીશંકર પ્રજાપતિએ દાવો કર્યો કે, 'પહેલી એપ્રિલ સાંજે મારો દીકરો આયુષી રોડ પર આવેલી ઘનશ્યામ ડેરીમાંથી ઢોસાનું ખીરું લાવ્યો હતો. રાત્રે તેણે ઢોસા બનાવીને ખાધા બાદ બીજા દિવસે સવારે તેને ઉલટીઓ શરૂ થતાં હોસ્પિટલમાં દાખલ કરવો પડ્યો હતો. આ બીમારી ઢોસા ખાવાથી થઈ છે તેની જાણ ન હોવાથી મારી પુત્રવધૂ અને સાડા ત્રણ વર્ષની પૌત્રીએ પણ તે ખાધું હતું, જેથી તેમને પણ ઉલટીઓ થવા લાગી અને તમામને હોસ્પિટલ ખસેડાયા હતા.'

ગૌરીશંકર પ્રજાપતિએ જણાવ્યું હતું કે, 'આ ગંભીર અસરને કારણે મારી અઢી મહિનાની નાની પૌત્રીનું અને ત્યારબાદ સાડા ત્રણ વર્ષની મોટી પૌત્રીનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ થયું છે. અત્યારે મારો દીકરો અને પુત્રવધૂ બંને હોસ્પિટલના આઈસીયુમાં દાખલ છે.

## શું તમને સાઈટિકા છે અને પગ ફ્લેટ છે તો આ પરિસ્થિતિમાં શું કરવું?

જો તમને સાઈટિકા અને ફ્લેટ ફૂટ બંને સમસ્યા છે, તો બંનેને સાથે મેનેજ કરવું ખૂબ જ જરૂરી છે. કારણ કે ફ્લેટ ફૂટને કારણે બોડી એલાઇનમેન્ટ બગડે છે. અને સાઈટિકા પેઇન વધે શકે છે.

આ પરિસ્થિતિમાં શું ધ્યાન રાખવું:

* યોગ્ય ફૂટવેર પહેરવા કે જે આર્ચ સપોર્ટ વાળા હોય.

* કસ્ટમ ઓર્થોટિક ઇન્સોલેસ પહેરવા કે જે પગની એલાઇનમેન્ટ સુધરે અને નસ પરનું દબાણ ઘટે.

* મુખ્યત્વે કસરત પર ધ્યાન આપવું જોઈએ અને રોજ ફિઝિયોથેરાપિસ્ટના કહેવા પ્રમાણે કસરતો કરવી જોઇએ.

* જો વજન વધુ હોય તો ઘટાડવું જોઈએ કેમ કે જો વજન વધુ હશે તો પગ અને સ્પાઇન પર પ્રેશર વધુ આવશે.

* ખાસ કરીને લાંબા સમય સુધી ઊભા કે બેઠા ના રહેવું જોઈએ જેમ કે દર ૩૦ મિનિટમાં પોઝિશન બદલો અને ખોટી બેસવાની પોઝિશન ટાળો.

* જો દુઃખાવો વધુ હોય તો ડ્રાય નીડલિંગ કરાવવું.



**-ડો. અમૃતા જાદવ ચાંપાનેરીયા**
Email.-jadav.amruta@gmail.com

પ્રજાપંખ
સત્યમેવ જયતે

# રાજ્યમાં ઇંધણ પુરવઠાની સ્થિતિ નિયંત્રણ હેઠળ છેઃ શ્રી સંજીબ બેહરા

## રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં LPG ઉપરાંત કેરોસીનના વિતરણની વધારાની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છેઃ શ્રી ચેતન ગાંધી

## રાજ્યમાં દરેક જિલ્લામાં પૂર્તિ માત્રામાં તમામ ખાતરો ઉપલબ્ધ છે અને આગામી સમયમાં પણ પુરવઠો સામાન્ય જ રહેશેઃ શ્રી નીતિન શુક્લ

## PIBઅમદાવાદ દ્વારા રાજ્ય અને કેન્દ્ર સરકારના સહયોગથી ઈંધણ તથા આવશ્યક ઉત્પાદનોની ઉપલબ્ધતા અંગે પ્રેસ બ્રિફિંગનું આયોજન

**પ્રજા પંખ અમદાવાદ :** હાલમાં પશ્ચિમ એશિયાની પરિસ્થિતિને ધ્યાનમાં રાખી કેન્દ્ર અને રાજય સરકાર પેટ્રોલિયમ અને અન્ય જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓ પર સતત નજર રાખી રહી છે અને તેને સામાન્ય લોકો સુધી પંહોચતી કરવા જરૂરી પગલાં લઈ રહી છે.




આ બાબતે આજે પ્રેસ ઇન્ફોર્મેશન બ્યૂરો, અમદાવાદ ખાતે પ્રેસ બ્રિફિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આઈઓસીના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર અને નોડલ અધિકારી સંજીબ બેહરા, ગુજરાત રાજ્યના ખાદ્ય અને પુરવઠા વિભાગના જોઇન્ટ ડાયરેક્ટર ચેતન ગાંધી અને કૃષિ વિભાગમાંથી જમીન સંરક્ષણ એડિશનલ ડાયરેક્ટર નીતિન શુક્લ અને પીઆઇબીનાં ડાયરેક્ટર જનરલ પ્રશાંત પાઠરાબે ઉપસ્થિત રહ્યા હતા.

વિવિધ વિભાગોના અધિકારીઓએ રાજ્યમાં પેટ્રોલિયમ, એલપીજી અને ખાતરની સ્થિતિ નિયંત્રણ હેઠળ હોવાનું જણાવ્યું હતું. તેમજ લોકોને ખોટી અફવાઓ પર ધ્યાન ન આપવા અને ગભરાટમાં ખરીદી ન કરવાની અપીલ કરી હતી. રાજ્યમાં ઇંધણ પુરવઠાની સ્થિતિની માહિતી આપતા આઈઓસીના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર અને નોડલ અધિકારી સંજીબ બેહરાએ જણાવ્યું હતું: **વર્તમાન પરિસ્થિતિઃ** પશ્ચિમ એશિયાના તાજેતરના ઘટનાક્રમો વચ્ચે રાજય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા ઇંધણના પુરવઠા પર સતત અને ખૂબ જ બારીકાઈથી નજર રાખવામાં આવી રહી છે. **નાગરિકોને ખાતરીઃ** રાજ્યમાં પેટ્રોલ, ડીઝલ અને એલપીજી નો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. કોઈ પણ પ્રકારની અછત નથી, તેથી ગભરાવાની જરૂર નથી. સંકલન: ભારત સરકારના પેટ્રોલિયમ મંત્રાલય અને ગુજરાત રાજ્ય સરકાર વચ્ચે સીમલેસ સંકલન ચાલુ છે જેથી વિતરણ વ્યવસ્થા સુદ્રઢ રહે.

સમગ્ર ગુજરાતમાં પેટ્રોલ અને ડીઝલ ઉપલબ્ધ છે અને તમામ રિટેલ આઉટલેટ્સ (પેટ્રોલ પંપ) સામાન્ય રીતે કાર્યરત છે. **આઉટલેટ્સની સંખ્યા (૦૧.૦૪.૨૦૨૬ મુજબ):**

પીએસયુ-૫૧૩૩ (IOCL: 2261, BPCL: 1500, HPCL: 1372)

ખાનગી:૧૫૫૫ (Nayara: 1193, RBML: 268, Shell: 94)

**કુલ ઉદ્યોગ:-** ૬૬૮૮ આઉટલેટ્સ. વેચાણના આંકડા (MS/HSD - સરેરાશ પ્રતિ માસ: કુલ ઉદ્યોગ વેચાણ (MS+HSD): 9,84,480 (કિલો લિટર) દૈનિક સરેરાશ વેચાણ Industry): 32,422 (કિલો લિટર) ગભરાટમાં ખરીદી (Panic Buying) ના આંકડા:

માર્ચના અંતમાં જોવા મળેલા ગભરાટને કારણે વેચાણમાં ઉછાળો આવ્યો હતો: ૨૩.૦૩.૨૦૨૬:-કુલ વેચાણ (PSU) - ૩૫,૦૮૪ (સામાન્ય કરતા ઘણું વધારે)

૨૪.૦૩.૨૦૨૬: કુલ વેચાણ (PSU) - ૪૪,૭૩૩, ઓઈલ માર્કેટિંગ કંપનીઓનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર:રાજયમાં- ૧૬ ડેપો/ટર્મિનલ, ૧૧ એલપીજી બોટલિંગ પ્લાન્ટ અને ૧૦૪૨ એલપીજી વિતરકો કાર્યરત છે.

**ઘરેલું એલપીજી-પરિસ્થિતિ-** ગુજરાતમાં એલપીજી વિતરકો પાસે સ્ટોક પૂરતો છે અને કોઈ પણ જગ્યાએ 'ડ્રાય-આઉટ'ની સ્થિતિ નથી.

**રીફિલ બુકિંગ અને ડિલિવરીઃ** ગઈકાલે: ૧,૭૬,૯૮૩ બુકિંગ અને ૨,૪૩,૦૮૮ ડિલિવરી સફળતાપૂર્વક કરવામાં આવી.

ગયા મહિને: કુલ- ૬૮,૦૨,૭૨૬ સિલિન્ડરની ડિલિવરી કરવામાં આવી.

**ડિજિટલ પહેલઃ** રાજ્યમાં ૮૮% બુકિંગ ડિજિટલ માધ્યમથી થાય છે અને ૮૫% સપ્લાય DAC કોડ આધારિત છે.

**ઉજ્જવલા :** માર્ચ ૨૦૨૬ માં ૧૬,૧૧,૭૭૧ રીફિલ્સ આપવામાં આવ્યા.

**ઓછા વપરાશવાળા પરિવારો માટે સહાયઃ** ૫ કિગ્રા એફટીએલ સિલિન્ડરની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવામાં આવી છે. ગુજરાતમાં સરેરાશ ૨,૦૦,૦૦૦ આવા સિલિન્ડર વેચાય છે, જે દેશમાં સૌથી વધુ છે. (૨૩ માર્ચથી ૪ એપ્રિલ વચ્ચે ૭૪,૬૨૨ નંગ વેચાયા). વ્યાપારી ઇંધણ વપરાશ અને પુરવઠો- - વાણિજિયક LPGપુરવઠાનું સંચાલન કરવામાં આવી રહ્યું છે.

## મહાંગરોલ ટીપીઓ શ્રી પિયુષભાઈ ગામીત એ મોસાલી પ્રાથમિક શાળા પરીક્ષા ખંડની મુલાકાત લીધી

**પ્રજા પંખ મોટામિયા માંગરોલઃ** સુરત જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત જિલ્લાની તમામ પ્રાથમિક શાળામાં આજથી પરીક્ષાનો પ્રારંભ થયો છે ધોરણ ૩ થી ૫ ના વિદ્યાર્થીઓની પરીક્ષા નો પ્રથમ દિવસ હોય માંગરોળ તાલુકાના તાલુકા પ્રાથમિક શિક્ષાણાધિકારી ટી પી ઈ ઓ પિયુષભાઈ ગામીત એ મોસાલી પ્રાથમિક શાળાના વર્ગની મુલાકાત લીધેલ હતી અને પરીક્ષા આપી રહેલ વિદ્યાર્થીઓને શુભેચ્છા



પાઠવેલ તેઓની સાથે સી.આર.સી. નીલમબેન ગામીત પણ ઉપસ્થિત રહ્યા હતા ટીપીઓસીના જણાવ્યા અનુસાર જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી ડો. અરુણ અગ્રવાલ સાહેબના માર્ગદર્શન હેઠળ તાલુકાની તમામ શાળામાં પરીક્ષા લક્ષી સાહિત્ય પહોંચાડી આપવામાં આવેલ છે અને નિયમ મુજબ પરીક્ષાની કામગીરી થતી જોવા મળેલ છે.

## ઓલપાડ તાલુકાની સરકારી પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૩ થી ૫ ની વાર્ષિક પરીક્ષાનો પ્રારંભ



**પ્રજા પંખ ઓલપાડઃ** જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, સુરત હસ્તકની ઓલપાડ તાલુકાની તમામ પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૩ થી ૫ ની વાર્ષિક પરીક્ષાનો આજરોજ શાંતિપૂર્ણ માહોલમાં પ્રારંભ થયેલ છે.

તાલુકાની ૧૦૫ જેટલી સરકારી પ્રાથમિક શાળાઓમાં રાજયનાં શિક્ષણ વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલ નિયત સમયપત્રક મુજબ પરીક્ષાનો પ્રારંભ થયેલ છે ત્યારે સૌ પરીક્ષાર્થી વિદ્યાર્થીઓને તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી વિજયભાઈ જરગલિયા, બી.આર.સી. કો-ઓર્ડિનેટર બ્રિજેશ પટેલ, તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રમુખ બળદેવભાઈ પટેલ તથા મહામંત્રી મહેન્દ્રસિંહ ઠાકોર સહિત સી.આર.સી. કો-ઓર્ડિનેટર મિત્રોએ શુભેચ્છાઓ પાઠવી હતી. એમ પ્રચાર-પ્રસાર પ્રતિનિધિ વિજય પટેલ એક અખબારી યાદીમાં જણાવે છે.

## સચિન હાઈવે પર હિટ એન્ડ રન, યુવતીનું મોતઃત્રિપલ સવાર બાઈકને ટ્રકે ટક્કર મારી; પરિવારના અન્ય બે સભ્યને ગંભીર ઈજાઓ



સુરત- શહેરના સચિન વિસ્તારમાં રવિવારે હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. સચિનના વાંજ ગામ પાસેથી એક જ બાઈક પર સવાર થઈને પરિવારના ત્રણ સભ્ય પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન પાછળથી બેફામ ગતિએ આવી રહેલી એક ટ્રકે બાઈકને જોરદાર ટક્કર મારી હતી. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ, ટ્રકચાલકે કાબૂ ગુમાવતા બાઈક સવારો રસ્તા પર પટકાયા હતા. આ અકસ્માત એટલો ભયાનક હતો કે બાઈકનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો અને ઘટનાસ્થળે લોકોના ટોળે-ટોળા ઉમટી પડ્યા હતા. ટક્કર માર્યા બાદ પણ ટ્રકચાલક વાહન રોકવાને બદલે ઝડપ વધારી ત્યાંથી ભાગી છૂટ્યો હતો.

આ અકસ્માતમાં બાઈક પર સવાર ૨૩ વર્ષીય લક્ષ્મી રમેશભાઈ રાઠોડ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ હતી અને તેનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. મૃતક યુવતીની માતા હંસાબેન અને પરિવારના અન્ય એક સભ્યને પણ શરીરે ગંભીર ઈજાઓ પહોંચી છે. અકસ્માતને પગલે હાઈવે પર ચીસાચીસ મચી ગઈ હતી. સ્થાનિક લોકોએ તુરંત એમ્બ્યુલન્સને જાણ કરી હતી અને ઈજાગ્રસ્તોને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડ્યાં હતાં.

ઘટનાની જાણ થતા જ સચિન પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે મૃતક લક્ષ્મીના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવાની તજવીજ હાથ ધરી હતી. પોલીસે અકસ્માત સ્થળના પંચનામાની કામગીરી પૂર્ણ કરી ફરાર ટ્રકચાલક વિરુદ્ધ હિટ એન્ડ રનનો ગુનો દાખલ કર્યો છે. પોલીસ દ્વારા હાઈવે પર લાગેલા સી.સી.ટી.વી. કેમેરાના ફૂટેજ તપાસવામાં આવી રહ્યા છે. હાઈવે પર વારંવાર બનતી આવી ઘટનાઓને લઈને સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

## અમરોલીમાં ટ્યુશનથી ઘરે જતી ધો.૮ની વિદ્યાર્થિનીની છેડતી

સુરત- સુરત શહેરના અમરોલી વિસ્તારમાં ધોરણ-૮માં અભ્યાસ કરતી એક ૧૩ વર્ષીય કિશોરી જ્યારે પોતાના ટ્યુશન ક્લાસીસથી ઘરે પરત ફરી રહી હતી ત્યારે એક અજાણ્યા બાઈક સવાર શખ્સે તેની જાહેરમાં છેડતી કરી બીભત્સ માંગણી કરી હતી. આ મામલે કિશોરીના પરિવારજનોએ હિંમત દાખવી અમરોલી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા શખ્સ વિરુદ્ધ ગુનો નોંધી તેને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

અમરોલી વિસ્તારમાં રહેતી અને ધોરણ ૮ માં અભ્યાસ કરતી ૧૩ વર્ષીય કિશોરી ગત તારીખ 3/૪/૨૦૨૬ના રોજ રાબેતા મુજબ સવારે પોતાના ટ્યુશન ક્લાસીસ પર ગઈ હતી. સવારે ૧૦:30 વાગ્યાના અરસામાં ટ્યુશન પતાવીને તે ચાલતી પોતાના ઘરે પરત ફરી રહી હતી. આ દરમિયાન રસ્તામાં એક અજાણ્યો શખસ બાઈક લઈને તેની પાછળ પડ્યો હતો. નિર્જન રસ્તાનો લાભ લઈ આ શખસે કિશોરીની નજીક આવી તેને અટકાવવાનો પ્રયાસ કર્યો હતો. જ્યારે કિશોરી પોતાની સોસાયટીના જાહેર રોડ પર પહોચી ત્યારે બાઈક સવાર અજાણ્યા શખસે તેની એકદમ નજીક આવીને રોક્તા કહ્યું હતું કે, 'ચાલ, મારી ગાડીમાં બેસી જા.' અચાનક બનેલી આ ઘટનાથી કિશોરી ગભરાઈ ગઈ હતી પરંતુ તેણે મૌન જાળવી ચાલવાનું ચાલુ રાખ્યું હતું. જોકે, વિકૃત માનસ ધરાવતા આ શખ્સે હિંમત હારી નહોતી અને ફરીથી તેની પાસે આવીને છેડતી કરતા કહ્યું હતું કે, 'ચાલ આપણે ફરી આવીએ.' આ પ્રકારની નિર્લજ્જ હરકતોને કારણે કિશોરી અત્યંત ભયભીત થઈ ગઈ હતી.

## અનાવિલ સહિયર સખા ચેરીટેબલ ટ્રસ્ટ, અડાજણ આયોજીત મહારક્તદાન શિબિરમાં ૨૫૧ યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું

**પ્રજા પંખ સુરત :** શ્રી દયાળજી અનાવિલ કેળવણી મંડળ, અનાવિલ સહિયર સખા ચેરીટેબલ ટ્રસ્ટ, અડાજણ, વન બ્લડ અનાવિલ, નવસારી અને સુરત રક્તદાન કેન્દ્રનાં સંયુક્ત ઉપક્રમે રવિવાર, તા. ૫/૪/૨૬ નાં રોજ દયાળજી આશ્રમ, મજૂરાગેટ, સુરત ખાતે 'મહારક્તદાન શિબિર 'નું આયોજન ગોઠવવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત જીજ્ઞાબેન, પૂર્વીબેન અને શ્વેતાબેને પ્રાર્થના દ્વારા કરી હતી. આ પ્રસંગે ડોનેટ લાઇફ, સુરત નાં પ્રમુખ પદ્મશ્રી નિલેશભાઈ માંડલેવાલા , શ્રી દયાળજી અનાવિલ કેળવણી મંડળના પ્રમુખશ્રી સંજયભાઈ દેસાઈ, ટ્રસ્ટીશ્રી ભીખુભાઈ દેસાઈ અને શ્રી કિરીટભાઇ દેસાઈ તેમજ સુરત રક્તદાન કેન્દ્રનાં પ્રમુખ ડો. પ્રદીપ પેઠે, અનાવિલ સહિયર સખા ચેરીટેબલ ટ્રસ્ટ, અડાજણના ટ્રસ્ટીશ્રી જતીનભાઈ દેસાઈ વિ. એ ઉપસ્થિત રહી તમામ રક્તદાતાઓને નિયમિત રક્તદાન કરી રક્તની જરૂરિયાતવાળા દર્દીઓને નવજીવન બક્ષવાના પુણ્ય કાર્યમાં સહભાગી થવા પ્રોત્સાહિત કરી અભિનંદન





પાઠવ્યા હતા. તેમજ સુરત શહેરના મા. પોલીસ કમિશનરશ્રી અનુપમસિંહ ગેહલોતે રક્તદાન શિબિરના સફળ આયોજન માટે શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો.

રક્તદાન શિબિરમાં અનાવિલ સહિયર સખા ચેરીટેબલ ટ્રસ્ટ નાં પ્રમુખ શ્રીમતી વિભૂતિબેન દેસાઇ એ ટ્રસ્ટની વિવિધ પ્રવૃતિઓ વિશે ઉપસ્થિત સર્વેને માહિતગાર કર્યા હતા અને રક્તદાન દ્વારા માનવસેવાના ઉમદા કાર્ય કરવા બદલ સર્વે રક્તદાતાઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

તમામ રક્તદાતાઓને પ્રશંસાપત્ર અને સ્મૃતિભેટ આપી સન્માનિત કર્યા હતા. આ મહા રક્તદાન શિબિરને સફળ બનાવવા માટે અનાવિલ સહિયર સખા ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારો અને સર્વે સભ્યશ્રીઓએ ભારે જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન શ્રી કલ્પેશભાઇ દેસાઇ દ્વારા કરવામાં આવ્યું હતું અને આભારવિધિ ઉપપ્રમુખશ્રી વિજય મહેતાએ કરી હતી.

## કારમાં આઈપીએલ ક્રિકેટ મેચ પર ઓનલાઈન સટ્ટો રમતો યુવાન પકડાયો

ગાંધીનગર : આઈપીએલ ક્રિકેટ ટુર્નામેન્ટને પગલે ગાંધીનગરમાં પણ સટ્ટાની પ્રવૃત્તિ વધી છે ત્યારે ગાંધીનગર એલસીબી દ્વારા ટીસીએસ પાસે કારમાં બેસીને એપ્લિકેશન મારફતે આઈપીએલ ઉપર ઓનલાઈન ક્રિકેટ સટ્ટો રમતા વિજાપુરના શખ્સને ઝડપી લેવામાં આવ્યો છે અને તેની પાસેથી મોબાઇલ રોકડ અને કાર મળી ૫.30 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

રાતો રાત રૂપિયા કમાવવા માટે હાલના યુવાનો ક્રિકેટ સટ્ટાની પ્રવૃત્તિમાં સંકળાયેલા છે ત્યારે આઈપીએલ ક્રિકેટ



ટુર્નામેન્ટ શરૂ થતાની સાથે જ ગાંધીનગરમાં પણ ઠેક ઠેકાણે સટ્ટાની પ્રવૃત્તિ શરૂ થઈ ગઈ હતી. ત્યારે પોલીસ સટોડીયાઓ અને ક્રિકેટ સટ્ટો રમતા શખ્સોને પકડવા માટે દોડી રહી છે. ગાંધીનગર જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમસેટ્ટી દ્વારા એલસીબી પોલીસ ઇન્સ્પેક્ટરને આ પ્રકારની પ્રવૃત્તિ અટકાવવા માટે તાકીદ કરવામાં આવી હતી. જેના પગલે એલસીબીની ટીમ પેટ્રોલિંગમાં હતી તે સમયે બાતમી મળી હતી કે ગાંધીનગરના ટીસીએસ પાસે કારમાં બેસીને એક શખ્સ આઈપીએલની રાજસ્થાન રોયલ્સ અને ગુજરાત ટાઇટન્સ વચ્ચે રમાઈ રહેલી ક્રિકેટ મેચ ઉપર સટ્ટો રમી રહ્યો છે. જે બાતમીના પગલે પોલીસ ટીમ ત્યાં પહોંચી હતી અને કારમાં રહેલા શખ્સને ઝડપી લીધો હતો.

તેની પાસેથી મળેલા મોબાઈલમાં સટ્ટાની એપ્લિકેશન પણ મળી હતી. જેના પગલે તેની પૂછપરછ કરતા તે ચિરેન જયંતીભાઇ પટેલ રહે. વિજાપુર, જી. મહેસાણા હોવાનું બહાર આવ્યું હતું.

પ્રજાપંખ
ગુજરાતી સાપ્તાહિક- સુરત

આપનાં પરિવારનો સભ્ય એટલે પ્રજાપંખ અખબાર, જેમાં તરો તાજા સમાચાર સાથે રહો અપડેટ, ચાય કી ચુસ્કી સાથે પ્રજા પંખનાં ઉત્તમ વિચારશિલ લેખોના વાંચનથી તન-મન રહે સ્વસ્થ્ય, પ્રજા પંખમાં તટ્સ્થ, નિર્ભિક સેવાકિય સમાચારોને સ્થાન, પ્રજા પંખ એટલે સંપુર્ણ સ્વસ્થ્ય વર્ધક મજબુત વિચાર ધરાવતું લોકપ્રિય અખબાર. . . .

આપ આપના આસપાસની સામાજિક, રાજકરણી, સાંસ્કુતિક કે ધાર્મિક પ્રોગ્રામ કે પછી અચાનક બનતી અન્ય ઘટનાઓની જાણ કરો, ઉપરાંત બર્થડે, બેસણું તેમજ તહેવારોમાં આપ આપની ધંધાકિય નાની - મોટી કે ટચુકડી જાહેરાત આપો તથા ઘર સુધી પ્રજાપંખ પેપર મેળવવા વોટ્સએપ પર જાણ કરો.

ખાસ ચેતવણી :

લોકપ્રિય પ્રજાપંખ અખબાર દ્વારા કોઇ પણ વ્યક્તિ, સંસ્થા કે સંગઠનને ઓર્થોરાઇઝડ કે પ્રતિનિધિ તરીકે નિમણુંક આપેલ નથી, જેથી આપને ત્યાં કોઇ પણ વ્યક્તિ આવીને, પ્રજાપંખના નામથી જાહેરાત કે અન્ય કોઇ નાણાંકિય વ્યવહાર કરે તેની જવાબદારી પ્રજાપંખની રહેશે નહી, માટે આવા ઉપરોક્ત પ્રકારની ચર્ચા કોઇ કરે તો આપ પહેલા સીધા તંત્રી તથા મેનેજીંગ તંત્રી સાથે રુબરુ કે ટેલિફોનિક ચર્ચા કરી લેવી....

Praja Pankh
prajapankh
prajapankh
99980 61470, 93747 20143
@prajapankh
prajapankh@gmail.com



સંપર્ક

મિતલ ભાવસાર- ૯૯૯૮૦૬૧૪૭૦
પ્રકાશ ભાવસાર- ૯૩૭૪૭૨૦૧૪૩

# ડો. રણજીતસિંહ વાંસીયા ડે-નાઈટ ક્રિકેટ ગ્રાઉન્ડ પર તોફાની કાનુડો બન્યો ચેમ્પિયન

## સચિન પ્રીમિયર લીગમાં ૮ ટીમો વચ્ચે રોમાંચક મુકાબલા સ્થાનિક યુવાનોમાં ઉત્સાહનો ઉછાળો...

**પ્રજા પંખ, સચિનઃ** એક સમયનું ઐતિહાસિક સચિન સ્ટેટ તરીકે ઓળખાતું સચિન આજે ફરી રમતગમતના ક્ષેત્રે નવી ઓળખ ઉભી કરી રહ્યું છે. આધુનિક સુવિધાઓથી સજ્જ ડો. રણજીતસિંહ વાંસીયા ડે-નાઈટ ક્રિકેટ ગ્રાઉન્ડ પર યોજાયેલી સચિન પ્રીમિયર લીગ ટૂર્નામેન્ટમાં સ્થાનિક ખેલાડીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને રમતગમતનો ઉત્તમ માહોલ સર્જ્યો હતો.

ત્રણ દિવસ સુધી ચાલેલી આ ટૂર્નામેન્ટમાં કુલ ૮ ટીમો વચ્ચે જબરદસ્ત અને રોમાંચક મુકાબલા જોવા મળ્યા હતા. અંતિમ દિવસે થયેલી ફાઈનલ મેચમાં શાનદાર પ્રદર્શન સાથે સમાજ અગ્રણી હાજાભાઇ ભરવાડ ની ટિમ તોફાની કાનુડો ટીમ ચેમ્પિયન બની, જ્યારે JMD ફાઈટર રનર રહી આ સાથે અન્ય ટીમોએ પણ જોરદાર ટક્કર આપી રમતની મજા વધારી હતી.

સચિન અને આજુબાજુના વિસ્તારોના ખેલાડીઓએ એકતા અને રમતભાવનાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. સમગ્ર ટૂર્નામેન્ટ દરમિયાન ખેલાડીઓમાં ઉત્સાહ, આનંદ







### ફાઈનલ મેચ-

-JMD ફાઈટર ૬૬/૬ (૬) - v/s
-તોફાની કાનુડો ૬૯/૨ (૫.૧)
-મેન ઓફ ધ મેચ ઈન ફાઇનલ- ભાવેશ (ભાવુ) પટેલ
-મેન ઓફ ધ સિરીઝ - ભાવેશ(ભાવુ) પટેલ (૪૪ રન + ૧ વિકેટ,)
-બેસ્ટ ફિલ્ડર - સાહિલ વર્મા (૮ કેચ)
-બેસ્ટ બોલર - સાહિલ વર્મા (૯ વિકેટ, )
-બેસ્ટ બેસ્ટમેન - સાહિલ વર્મા (૧૪૨ રન,)

અને નવી ઉર્જાનો સંચાર સ્પષ્ટ જોવા મળ્યો હતો. આ ટૂર્નામેન્ટનો પ્રારંભ શુક્રવારે ભવ્ય રીતે કરવામાં આવ્યો હતો. ઉદ્ઘાટન સમારંભમાં રંગાનુરાગ ટ્રસ્ટના પ્રમુખ ગિરિરાજસિંહ વાંસીયાની ઉપસ્થિતિમાં સચિનના પી.એસ. આઈ. સુનિતા ડી. સિંહ તેમજ ઇનામ સ્પોન્સર રાજેશ શર્માના હસ્તે શુભ શરૂઆત કરવામાં આવી હતી. આ પ્રસંગે રઘુવીરસિંહ વાંસીયા, વેપારી પ્રમુખ મનોજસિંહ સોલંકી સહિતના આગેવાનો ઉપસ્થિત રહી ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા. ગ્રાઉન્ડ મેનેજર જુબેર મુલ્લાના જણાવ્યા મુજબ, આ પ્રકારના આધુનિક ગ્રાઉન્ડ સ્થાનિક યુવા પ્રતિભાઓને પોતાની રમત કૌશલ્ય રજૂ કરવા માટે એક ઉત્તમ પ્લેટફોર્મ પૂરૂં પાડે છે. ખાસ કરીને નિલેશભાઈના સેટઅપ દ્વારા તમામ મેચોનું લાઈવ પ્રસારણ કરવામાં આવતાં ક્રિકેટપ્રેમીઓમાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો. ટૂર્નામેન્ટ દરમિયાન ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ મેન ઓફ ધ મેચ ઈન ફાઇનલ તથા મેન ઓફ ધ સિરીઝ ભાવેશ (ભાવુ) પટેલ - તરીકે પસંદ થયા હતા, જયારે બેસ્ટ બેટ્સમેન, બેસ્ટ બોલર અને બેસ્ટ ફિલ્ડર જેવા પુરસ્કારો આપી ખેલાડીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. વધુ વિગતમાં ફાઈનલ મેચમાં JMD ફાઈટર ૬૬/૬ (૬)- v/s તોફાની કાનુડો ૬૯/૨ (૫.૧) ફાઇનલ ચેમ્પિયન તોફાની કાનુડો મેન ઓફ ધ મેચ ઈન ફાઇનલ તથા મેન ઓફ ધ સિરીઝ ભાવેશ (ભાવુ) પટેલ - ૪૪ રન + ૧ વિકેટ, બેસ્ટ ફિલ્ડર સાહિલ વર્મા ૮ કેચ, બેસ્ટ બોલર સાહિલ વર્મા ૯ વિકેટ, બેસ્ટ બેસ્ટમેન ૧૪૨ રન, ટ્રસ્ટી પ્રેસિડેન્ટ ગિરિરાજસિંહ વાંસીયા જીના જણાવ્યા મુજબ આ સમગ્ર આયોજનથી સચિનમાં રમતગમતને નવી દિશા મળી રહી છે અને આવનારા સમયમાં વધુ પ્રતિભાશાળી ખેલાડીઓ ઉભા થશે તેવી આશા તેમણે વ્યક્ત કરી હતી.

# સચિનની શ્રી સાંઈ હોસ્પિટલના ડો. બી.એમ.ગુપ્તાના સહયોગથી....ત્રિવેણી કેમ્પ...

## વિનામૂલ્યે આંખ નિદાન, દંત ચકાસણી અને ફ્રી બીપી શુગર કેમ્પનું આયોજન

**પ્રજા પંખ સચીનઃ** સમાજસેવા અને માનવતા માટે સતત કાર્યરત અને RCC રોટરી કોમ્યુનિટી કોર્પ્સ સચીન-કનકપુરના ડોક્ટરેટ કમિટી ચેરમેન તેમજ વ્યવસાયે ડોક્ટર અને સમાજ અગ્રણી, માનનીય શ્રી ડો. બી. એમ. ગુપ્તા દ્વારા સમગ્ર સચીનવાસીઓ માટે એક વિશેષ આરોગ્યલક્ષી ત્રિવેણી સેવા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે SVNM સ્વામી વિવેકાનંદ નેત્ર મંદિર સુપર સ્પેશ્યાલીટી આંખ હોસ્પિટલના સૌજન્યથી વિનામૂલ્યે આંખ નિદાન કેમ્પ અને દાંત નો કેમ્પ અને બીપી શુગર ચેકઅપ કેમ્પ યોજવામાં આવશે. કેમ્પ દરમિયાન સ્વામિવિવેકાનંદ હોસ્પિટલની નિષ્ણાત શશી ભાઈની ટેકનિકલ ટીમ દ્વારા આંખોની સંપૂર્ણ તપાસ કરવામાં આવશે.




તપાસ દરમિયાન જો કોઈ દર્દીને મોતિયાબિંદની સમસ્યા જણાશે તો તેમને SVNM હોસ્પિટલ સુરત ખાતે અત્યાધુનિક ફેકો ટેકનોલોજી દ્વારા ટાંકા વગરનું અને દુઃખાવા રહિત મફત વિનામૂલ્યે મોતિયાનું ઓપરેશન કરી આપવામાં આવશે. ઓપરેશનના ૨૫ થી વધુ દર્દીઓ હશે તો સ્પેશિયલ મિની બસમાં લઇ જવાશે અને મૂકી જશે, આ ઉપરાંત જરૂરિયાતમંદોને રાહતદરે નજીક ના ચશ્માનું વિતરણ પણ કરવામાં આવશે. કેમ્પમાં આંખોની તપાસ ઉપરાંત દંત આરોગ્ય અને બીપી શુગર કેમ્પનું પણ ફ્રિ મફત આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ખાસ કરીને બાળકોના દાંત ની નિશુલ્ક તપાસ જાણીતા દંતચિકિત્સક ડો. વિનય શિરસાઠ અને બીપી શુગર ચેકઅપ ડો.પી. બી. ગુપ્તા દ્વારા કરવામાં આવશે. આ ત્રણે કાર્યક્રમ- શ્રી સાંઈ હોસ્પિટલ, ડો. બી. એમ. ગુપ્તાના સહયોગથી, સ્વામી વિવેકાનંદ નેત્ર મંદિર સુપર સ્પેશિયાલિટી આંખ હોસ્પિટલ દ્વારા આયોજિત છે અને તદ્દન મફત નિ:શુલ્ક આંખ નિદાન કેમ્પ, દાંત નિશુલ્ક તપાસ અને ફ્રી બીપી શુગર તપાસની કેમ્પ આયોજન છે. આંખોના મોતિયાના ઓપરેશન સુરત ખાતે ટાંકા વગર, દુઃખાવા વગરની આધુનિક ફેકો ટેકનોલોજી દ્વારા

ફ્રી નિ:શુલ્ક કરી આપવામાં આવશે અને રાહત દરે નજીકના ચશ્માંનું વિતરણ પણ કરવામાં આવશે. આ કેમ્પ તારીખઃ ૧૯/૦૪/૨૦૨૬, રવિવાર સમયઃ સવારે ૦૯:૦૦ થી ૧૨:૩૦ સુધી રહેશે, આ શિબિરમાં મળતી સેવાઓમાં મોતીયાબિંદની તપાસ, નજરની તપાસ, નંબર (ચશ્મા નંબર) ની તપાસ કરી આપવામાં આવશે.

કેમ્પ શિબિર સ્થળ: શિવદર્શન કોમ્પ્લેક્સ, બેંક ઓફ બરોડા ઉપર, સચિન નવસારી રોડ, સચિન, સુરત. વધુ વિગત માટે ડો. ગુપ્તાઃ ૯૮૯૮૩ ૫૦૬૫૫ અને ખાસ નોધ: શિબિરમાં આવતી વખતે તમામ લોકોએ પોતાનો આધાર કાર્ડ સાથે લાવવો. રોટરી આરસીસી સચીન અને ડોક્ટર ગુપ્તા દ્વારા સચિનના સમાજના તમામ નાગરિકોને આ આરોગ્યલક્ષી સેવા કેમ્પનો લાભ લેવા વિનંતી કરવામાં આવે છે.

# પોલીસે વર્ષોથી ગુમ થયેલા ૫૯૧ બાળકો, યુવાઓ, વૃદ્ધો-મહિલાઓને ૪ મહિનામાં શોધી પરિવારને સોપ્યા, બાળકો-અપહરણના મહત્તમ કેસ

સુરત- સુરત પોલીસે હવે એવા લોકોની શોધખોળ શરૂ કરી છે જેઓ વર્ષોથી લાપતા છે અને જેમના કેસ ફાઈલોમાં દબાઈ ગયા હતા. પોલીસના આ પ્રયાસથી છેલ્લા ચાર મહિનામાં ૫૯૧ ગુમ થયેલા લોકોને શોધી કાઢી તેમના પરિવાર સાથે મિલાપ કરાવવામાં આવ્યો છે. જેમાં વૃદ્ધોથી લઈને બાળકોનો પણ સમાવેશ થાય છે.



ખાસ વાત એ છે કે આમાં એવા લોકો પણ સામેલ છે જેઓ ૧૫-૨૦ વર્ષથી લાપતા હતા. પોલીસે વર્ષ ૨૦૦૭થી ગુમ થયેલા લોકોના પડતર કેસોના રેકોર્ડ, રજિસ્ટર અને દસ્તાવેજોની સમીક્ષા કરી હતી. સાથે જ ફરિયાદીઓ અને સાક્ષીઓનો ફરી સંપર્ક કરી નવા છેડેથી તપાસ શરૂ કરી, ત્યારે જઈને આ લોકો મળી આવ્યા છે.

ડીજીપીએ ઓપરેશન મુસ્કાનની શરૂઆત કરી હતી, જેના પરથી પ્રેરણા લઈ પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતે ૪મિશન મિલાપ શરૂ કર્યું હતું. તેમણે ૨૦૦૭થી ગુમ થયેલા ૪૫૦૦ લોકોનો ડેટાબેઝ બનાવી જૂના રેકોર્ડ ફરીથી તપાસ્યા હતા. પોલીસ હ્યુમન ઇન્ટેલિજન્સ અને ટેકનિકલ ઇન્ટેલિજન્સનો સતત ઉપયોગ કરે છે. પેમેન્ટ ગેટવે, સોશિયલ મીડિયા અને આધાર ડેટાથી પણ લોકેશન ટ્રેસ કરાયાં છે. -કરણરાજ વાઘેલા, એડિ. સીપી

પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઇન્ટેલિજન્સ દ્વારા અલગ-અલગ રાજ્યોમાં ટીમો મોકલીને ગુમ થયેલા લોકોની શોધ કરી. ઘણા કિસ્સાઓમાં સ્થાનિક પોલીસ, સરપંચ અને ગામના પ્રતિનિધિઓના સંપર્ક દ્વારા લોકેશન ટ્રેસ કરવામાં આવ્યું હતું.

**આમાં એવા લોકો પણ સામેલ છે જેઓ ૧૫-૨૦ વર્ષથી લાપતા હતા. પોલીસે વર્ષ ૨૦૦૭થી ગુમ થયેલા લોકોના પડતર કેસોના રેકોર્ડ, રજિસ્ટર અને દસ્તાવેજોની સમીક્ષા કરી**

# સુરત મનપાની ચૂંટણી, બેઠક દીઠ ભાજપ ની ત્રણ-ત્રણ નામની પેનલ તૈયારઃ

## ૧૭૨૦ દાવેદારોના નામ પર કાતર ફેરવાઈ, વય મર્યાદા, નો રિપિટ થીયરીના કારણે અનેક દિગ્ગજોના પત્તા કપાયા

સુરત- સુરત મહાનગરપાલિકાની આગામી ચૂંટણીને લઈને રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. ભાજપ દ્વારા ઉમેદવારોની પસંદગી પ્રક્રિયાના પ્રથમ તબક્કાના અંતે મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. શહેરની કુલ ૧૨૦ બેઠકો માટે નોંધાયેલા ૨૦૮૦ જેટલા દાવેદારોમાંથી ગાળણ પ્રક્રિયા હાથ ધરીને માત્ર ૩૬૦ નામોની પેનલ તૈયાર કરવામાં આવી છે. આ યાદી હવે પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડને મોકલી આપવામાં આવી છે, જેનો અર્થ એ થયો કે ટિકિટની આશા રાખીને બેઠેલા ૧૭૨૦ દાવેદારોની આશા પર પાણી ફરી વળ્યું છે.

ભાજપ દ્વારા સુરતના 30 વોર્ડની ૧૨૦ બેઠકો માટે નિરીક્ષકો મોકલીને સેન્સ લેવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. સતત ત્રણ દિવસ સુધી ચાલેલી આ પ્રક્રિયામાં




રેકોર્ડબ્રેક સંખ્યામાં દાવેદારો ઉમટી પડ્યા હતા.

ગઈકાલે મોડી રાત સુધી ચાલેલી સંકલન બેઠકમાં શહેરના અગ્રણીઓ અને નિરીક્ષકોએ દરેક બેઠક દીઠ ત્રણ સક્ષમ નામોની પસંદગી કરી છે. શોર્ટલિસ્ટ થયેલા આ ૩૬૦ નામોમાં જ્ઞાતિ-જાતિના સમીકરણો અને જે-તે વિસ્તારમાં દાવેદારના વર્ચસ્વને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. હવે આ નામોમાંથી આખરી મહોર ગાંધીનગર ખાતે લગાડવામાં આવશે.

આ વખતની પસંદગી પ્રક્રિયામાં ભાજપે કડક માપદંડો અપનાવ્યા છે. સંકલન બેઠકમાં મુખ્યત્વે ત્રણ બાબતો પર ભાર મૂકવામાં આવ્યો હતો.

# સર્વને સમાન ન્યાયના ધ્યેય સાથે સુરતને MUV બોલેરો નીઓ વાહનની ફાળવણી

**પ્રજા પંખ સુરતઃ** ગુજરાત રાજય કાનૂની સેવા સત્તામંડળ, અમદાવાદ દ્વારા નેશનલ લીગલ સર્વિસીસ ઓથોરીટી (નાલસા) ની ગ્રાન્ટ હેઠળ કાનૂની જાગૃતિ ફેલાવવા તથા લીગલ એઈડ પ્રવૃત્તિઓને વધુ અસરકારક બનાવવા માટે સુરત જિલ્લા કાનૂની સેવા સત્તામંડળને મલ્ટી યુટીલીટી વ્હીકલ (MUV) તરીકે Mahindra Bolero Neo વાહનની ફાળવણી કરવામાં આવી છે.



આ વાહનના ફ્લેગ ઓફ સમારંભનું આયોજન નામદાર ગુજરાત હાઈકોર્ટ ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ શ્રી વિક્રમનાથ સાહેબ, ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટીસ સુશ્રી સુનિતા અગરવાલ મેડમ તેમજ ન્યાયમૂર્તિ શ્રી એન.વી. અંજારીયા સાહેબ અને ન્યાયમૂર્તિ શ્રી વિપુલ પંચોલી સાહેબ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં ગુજરાત હાઈકોર્ટના જજ અને ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળના એક્ઝિક્યુટિવ ચેરમેન ન્યાયમૂર્તિ શ્રી એ. વાય. કોગ્ને સાહેબ તેમજ એડમિનિસ્ટ્રેટિવ જજ, સુરત જિલ્લા ન્યાયમૂર્તિ શ્રી એ. એસ. સુપૈયા સાહેબ સહિત અન્ય ન્યાયમૂર્તિશ્રીઓ પણ હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન સભ્ય સચિવ સુશ્રી હેતલ પવાર દ્વારા કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે રાજયભરના જિલ્લા અદાલતોના મુખ્ય ન્યાયાધીશો તેમજ સુરત જિલ્લા ન્યાયાધીશ શ્રી રાહુલ ત્રિવેદી સાહેબ પણ ઉપસ્થિત રહ્યા હતા.

સુરત જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ દ્વારા લોક અદાલત, મધ્યસ્થીકરણ તથા કાનૂની જાગૃતિ કાર્યક્રમો સફળતાપૂર્વક અમલમાં મૂકવામાં આવી રહ્યા છે. ખાસ કરીને છેલ્લા વર્ષ દરમિયાન યોજાયેલી ચાર રાષ્ટ્રીય લોક અદાલતોમાં સુરત જિલ્લાએ સમાધાનકારી કેસોના નિકાલમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ નવા વાહનના ફાળવણીથી સુરત જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં વસતા નાગરિકો સુધી કાનૂની જાગૃતિ વધુ ઝડપથી પહોંચાડવામાં સહાય મળશે. આ વાહન દ્વારા લીગલ એઈડની આઉટરીચ પ્રવૃત્તિઓને વધુ વેગ મળશે અને સર્વને સમાન ન્યાય ના ધ્યેયને સાકાર કરવામાં મદદ મળશે. જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, સુરતના સચિવ શ્રી ડી.આર. જોષીએ જણાવ્યું હતું કે આ પહેલથી જિલ્લામાં કાનૂની સેવા પ્રવૃત્તિઓ વધુ વિસ્તૃત અને અસરકારક બનશે.

**ચાર રાષ્ટ્રીય લોક અદાલતોમાં સુરત જિલ્લાએ સમાધાનકારી કેસોના નિકાલમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ નવા વાહનના ફાળવણીથી સુરત જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં વસતા નાગરિકો સુધી કાનૂની જાગૃતિ વધુ ઝડપથી પહોંચાડવામાં સહાય મળશે.**


# લાજપુર રહિમીયાહ સાર્વજનિક હોસ્પિટલ

ગામ-લાજપુર (ચાર રસ્તા, તા. ચોર્યાસી, જી. સુરત.

અનુભવી સ્ટાફ જોઈએ છે.

-ફુલ ટાઇમ માટે M.B.B.S. અનુભવી (૧)
-નર્સિંગ સ્ટોફ અનુભવી (૨)
- રીશેપ્શન માટે કોમપ્યુટર અનુભવી (૧)
-મેડિકલ સ્ટોર માટે અનુભવી લાઇસન્સ ધરાવનારફાર્માસિસ્ટ (૨)
-રસ ધરાવનાર ઉમેદવારોએ નોધ લેવી

લિ. હોસ્પીટલ મેનેજમેન્ટ
કોન્ટેક નંબર :- 9033932033,9724634552





OWNER, PUBLISHER, PRINTER & EDITOR- MITALKUMAR PRAKASHBHAI BHAVSAR. PRINTED BY- UNNATI PRINTERS, -29 NATIONAL IND. SOC., OLD UNN NAKA, SURAT-NAVASARI MAIN ROAD, SURAT-394210 PUBLISHED AT -971, ADARSH NAGAR SOCIETY, KANAKPUR, G.H.BOARD, SACHIN. SURAT. (GUJARAT)-394230